

સંધ્યાનું સૌદર્ય - છેલ્લા ચાર દિવસથી આકાશમાં ક્યારેક વાદળછાયું તો ક્યારેક પૂર્ણ પ્રકાશિત વાતાવરણ અનુભવાય છે... સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે આકાશ ખુલ્લુ હોય તો પ્રસન્નતા પ્રગટે છે... પરંતુ આછા-પાતળા વાદળોને કારણે ક્યારેક ક્યારેક અજવાસ અને અંધકારની વચ્ચે સંતાકુકડી રમાતી હોય એવું લાગે છે... સંધ્યા સમયે સર્જાયેલા અલૌકિક દૃશ્યની ઝલક... (તસવીર : કશ્યપ નિમાવત)

# સે. ૮માં સૌથી વધુ ૪૦ મતદારોએ નોટાનો ઉપયોગ કર્યો છે

## શહેરના વીસ બુથ એવા છે જ્યાં ૨૦ થી વધુ મતદારોએ નોટાનો ઉપીયોગ કર્યો છે : અડવાણીને ૧૦ બુથમાં તો કીરીટ પટેલને ૩૦ બુથમાં ૧૦૦ થી ઓછા મત

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર(ઉ) વિધાનસભા મતવિસ્તારમાં પહેલીવાર ભાજપે સરસાઈ પ્રાપ્ત કરી નવો રાજકીય ઈતિહાસ સર્જ્યો છે.

લોકસભાની ચૂંટણીના ગઈકાલે જાહેર થયેલા પરિણામો પછી ચૂંટણી વિશ્લેષકોએ વિષ્લેષણની કામગીરી પણ હાથ ધરી દીધી છે. જેમાં કયા ઉમેદવારને ક્યાં માર પડ્યો, ક્યાં ફાયદો થયો જેવી બાબતોનો સમાવેશ થયો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર(ઉ)માં ૧૯૫૯ મતદારોએ નોટાનો ઉપીયોગ કર્યો હતો. તો ૩૦ બુથો એવા છે જ્યાં કોંગ્રેસના ઉમેદવાર કીરીટ પટેલને ૧૦૦ થી પણ ઓછા મત મળ્યા છે. તો ભાજપના ઉમેદવાર શ્રી અડવાણી માટે ૧૦ બુથ એવા છે જ્યાં ૧૦૦ થી ઓછા મત મળ્યા છે. ગાંધીનગર ઉત્તર વિધાનસભામાં ચાર અપક્ષ ઉમેદવારોને પણ ૧૦૦ કરતા કુલ ઓછા મત મળ્યા છે.

આ ચૂંટણીમાં ૭૭ બુથ એવા છે જેમાં બે અંક કરતા વધારે મતદારોએ નોટાનો ઉપીયોગ કર્યો હતો. ગાંધીનગર શહેરના સેક્ટર-૮ના બુથ નં. ૧૨૯માં ૪૦ મતદારોએ નોટાનો ઉપીયોગ કર્યો હતો જે આખી વિધાનસભામાં સૌથી વધુ સંખ્યા છે. શહેરના ૨૨ બુથ એવા છે જ્યાં ૨૦ કે તેથી વધુ મતદારોએ નોટાનો ઉપીયોગ કર્યો છે.

# ઉત્તર-ગાંધીનગર વિધાનસભા વિસ્તારમાં કયા બુથમાં-કોને કેટલા મત

| મતદાન મથકનું નામ | | એલ.કે. અડવાણી | કિરીટભાઈ પટેલ |
|---|---|---|---|
| ૧ | ઉનાવા-૧ | ૪૫૮ | ૨૧૪ |
| ૨ | ઉનાવા-૨ | ૧૬૫ | ૨૦૯ |
| ૩ | ઉનાવા-૩ | ૫૨૯ | ૫૮ |
| ૪ | ઉનાવા-૪ | ૨૮૨ | ૨૯૮ |
| ૫ | ઉનાવા-૫ | ૨૨૯ | ૧૨૦ |
| ૬ | ઉનાવા-૬ | ૨૯૩ | ૭૭ |
| ૭ | પીંઢારડા-૧ | ૧૮૦ | ૧૧૦ |
| ૮ | પીંઢારડા-૨ | ૧૮૫ | ૧૫૭ |
| ૯ | પીપલજ-૧ | ૧૬૫ | ૨૨૬ |
| ૧૦ | પીપલજ-૨ | ૨૬૨ | ૩૩૭ |
| ૧૧ | પીપલજ-૩ | ૨૯ | ૫૦ |
| ૧૨ | વાસન-૧ | ૨૦૪ | ૨૦૬ |
| ૧૩ | વાસન-૨ | ૧૨૦ | ૩૦૪ |
| ૧૪ | વાસન-૩ | ૭૪ | ૩૬૫ |
| ૧૫ | રૂપાલ-૧ | ૨૫૫ | ૪૯૧ |
| ૧૬ | રૂપાલ-૨ | ૩૪૦ | ૨૯૯ |
| ૧૭ | રૂપાલ-૩ | ૪૬૯ | ૯૯ |
| ૧૮ | રૂપાલ-૪ | ૫૮૧ | ૫૧ |
| ૧૯ | રૂપાલ-૫ | ૨૨૬ | ૩૨૯ |
| ૨૦ | રાંધેજા-૧ | ૩૫૧ | ૨૪૬ |
| ૨૧ | રાંધેજા-૨ | ૨૨૮ | ૪૩૭ |
| ૨૨ | રાંધેજા-૩ | ૩૦૧ | ૨૭૦ |
| ૨૩ | રાંધેજા-૪ | ૪૨૪ | ૬૨ |
| ૨૪ | રાંધેજા-૫ | ૫૦૭ | ૮૫ |
| ૨૫ | રાંધેજા-૬ | ૨૭૦ | ૧૫૩ |
| ૨૬ | રાંધેજા-૭ | ૨૯૬ | ૩૬૦ |
| ૨૭ | રાંધેજા-૮ | ૨૮૨ | ૧૯૬ |
| ૨૮ | રાંધેજા-૯ | ૧૫૪ | ૨૧૧ |
| ૨૯ | રાંધેજા-૧૦ | ૩૬૬ | ૪૫ |
| ૩૦ | સરઢવ-૧ | ૪૯૫ | ૨૩૮ |
| ૩૧ | સરઢવ-૨ | ૫૭૯ | ૨૧૬ |
| ૩૨ | સરઢવ-૩ | ૫૪૫ | ૧૫૬ |
| ૩૩ | સરઢવ-૪ | ૩૩૬ | ૧૮૬ |
| ૩૪ | સરઢવ-૫ | ૨૬૪ | ૨૪૨ |
| ૩૫ | સરઢવ-૬ | ૧૧૦ | ૨૮૮ |
| ૩૬ | સોનીપુર-૧ | ૨૩૨ | ૨૪૩ |
| ૩૭ | સોનીપુર-૨ | ૨૦૫ | ૨૨૫ |
| ૩૮ | પેથાપુર-૧ | ૬૩૩ | ૧૯૪ |
| ૩૯ | પેથાપુર-૨ | ૪૫૫ | ૨૪૯ |
| ૪૦ | પેથાપુર-૩ | ૪૦૩ | ૬૯ |
| ૪૧ | પેથાપુર-૪ | ૪૭૦ | ૨૨૫ |
| ૪૨ | પેથાપુર-૫ | ૩૭૭ | ૮૫ |
| ૪૩ | પેથાપુર-૬ | ૪૩૯ | ૯૬ |
| ૪૪ | પેથાપુર-૭ | ૨૩૫ | ૫૪ |
| ૪૫ | પેથાપુર-૮ | ૫૫૧ | ૬૮ |
| ૪૬ | પેથાપુર-૯ | ૪૮૫ | ૨૭૯ |
| ૪૭ | પેથાપુર-૧૦ | ૨૧૩ | ૩૬૭ |
| ૪૮ | પેથાપુર-૧૧ | ૩૬૨ | ૩૩ |
| ૪૯ | પેથાપુર-૧૨ | ૪૨૪ | ૨૩૦ |

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટરોના શોપિંગ અને શેરીઓમાં ચર્ચા ! કોન બનેગા મુખ્યમંત્રી

## રાજકીય ગતિવિધિઓથી ધમધમતા ગાંધીનગરમાં નવા સી.એમ. કોણ બનશે તે અંગે ભારે ઉત્સુક્તા

ગાંધીનગર, તા. ૧૭

લોકસભાના ચૂંટણી પરિણામોના અંતે નરેન્દ્ર મોદી દેશના નવા પ્રધાનમંત્રી બનવા જઈ રહ્યા છે. ત્યારે ગુજરાતના નવા મુખ્યમંત્રી પદે કોણ બેસશે તે મુદ્દે રાજકીય ઉત્તેજના પ્રબળ બની છે. હાલના મંત્રીમંડળમાંથી સી.એમ. પદ માટે ત્રણ નામો ચર્ચામાં છે. આવા સંજોગોમાં રાજકીય ગતિવિધિમાંથી ધમધમતા ગાંધીનગરમાં પણ મુખ્યમંત્રીનો તાજ કોના શીરે જશે તે મામલો ચર્ચાની એરણે છે. શોપિંગના વેપારીઓથી લઈ સેક્ટરોની શેરીઓમાં કોન બનેગા સી.એમ.ની ચર્ચાએ જોર પકડ્યું છે.

લોકસભાના ચૂંટણી પરિણામોમાં ભાજપને સ્પષ્ટ બહુમતી હાંસલ થયા બાદ નરેન્દ્ર મોદી દેશના નવા વડાપ્રધાન બનશે તે બાબત નિશ્ચિત બની ગઈ છે. જ્યારે છેલ્લા ૧૩ વર્ષથી વધુ સમયથી મુખ્યમંત્રી પદની જવાબદારી સંભાળતા મોદી પી.એમ. બનતા ગુજરાતના નવા મુખ્યમંત્રી પદે કયો નવો ચહેરો સામે આવશે તે અંગે પ્રજામાં ઉત્સુકતા વધી ગઈ છે. રાજકીય આગેવાનો અને વિવેચકોમાં પણ આ મુદ્દો હોટ બન્યો છે. આવા સંજોગોમાં સતત રાજકીય ગતિવિધિઓથી ઘેરાયેલા પાટનગરમાં પણ આ મામલે ઠેર ઠેર સી.એમ. પે ચર્ચાનો દૌર જામ્યો છે. શહેરના શોપિંગ બજારોથી લઈ સેક્ટરોની શેરીઓમાં કોન બનેગા સી.એમ.ના પ્રશ્ન સાથે અનેક પ્રકારની રાજકીય ચર્ચા આમ નાગરિકોમાં ઉઠવા પામી છે. જ્યારે આ મામલે સ્થાનિક નેતાઓમાં પણ ઉત્તેજના પ્રવર્તી છે.

# મેલેરિયાની દૃષ્ટિએ સંવેદનશીલ ગામોમાં દવા છંટકાવની કામગીરી

## કલોલના રાંચરડા, હાજીપુર અને વાયણામાં સ્પ્રે માટે પાટણથી ટીમ બોલાવાઈ



ગાંધીનગર, તા. ૧૭

મેલેરિયાની દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ રાંચરડા, હાજીપુર અને વાયણા ગામમાં પ્રત્યેક ઘરોમાં મચ્છરોને ડામવા દવા છંટકાવની કામગીરી હાથ ધરવામાં આવશે. ત્રણેય ગામોના ૨૧૦૦ જેટલા ઘરોમાં સ્પ્રે નો છંટકાવ કરવા પાટણથી ખાસ ટીમને કામે લગાડવામાં આવી છે.

મેલેરિયાનો રોગચાળો માથુ ન ઉંચકે તે માટે મચ્છરોને ડામવા દવા છંટકાવ ઉપરાંત લોકજાગૃતિ કેળવવા આરોગ્ય તંત્ર સતત પ્રયત્નશીલ છે. ચોમાસાના દિવસો પણ નજીકમાં છે ત્યારે મેલેરીયાના અને ડેન્ગ્યુ જેવા રોગચાળાને ઉગતો ડામવા પણ તંત્ર દ્વારા આગોતરૂ આયોજન કરી દેવાયું છે. હાલમાં પણ વરસાદી ઝાપટા અને વાદળિયા માહોલ વચ્ચે મચ્છરો માટે ફેવરેબલ વાતાવરણ બની રહ્યું છે. આવા સંજોગોમાં મેલેરિયાની દૃષ્ટિએ જોખમી વિસ્તારોમાં મચ્છરોનો ઉપદ્રવ ડામવા મેલેરિયા શાખા દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. કલોલ તાલુકાના ત્રણ ગામો રાંચરડા, હાજીપુર અને વાસણા મેલેરિયાની દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોવાથી આ વિસ્તારમાં વિશેષ તકેદારી રાખવામાં આવે છે. આ વિસ્તારમાં મેલેરિયાના સંભવિત રોગચાળાને ડામવા તંત્ર દ્વારા સ્પ્રેનો છંટકાવ કરવામાં આવશે. ત્રણેય ગામોની વસતી ૮૫૦૬ જેટલી છે. સ્પ્રે માટે ખાસ પાટણથી ટીમ બોલાવવામાં આવી છે. આ દરમિયાન રાંચરડામાં-૭૮૬, હાજીપુરામાં-૮૧૫ અને વાયણામાં-૫૫૨ ઘરોમાં મચ્છરોને ડામવા સ્પ્રે ની કામગીરી હાથ ધરાશે.

# સે. ૧૬માં આવાસ રીનોવેશનમાં તંત્રની મનસ્વી કામગીરી

## અગ્રતાક્રમ મુજબ આવાસોનું મજબુતીકરણ થતુ નથી વૈકલ્પિક મકાન ફાળવણીમાં પણ ખાયકી થતી હોવાનો સૂર

ગાંધીનગર, તા. ૧૭

સે. ૧૬માં આવાસ મજબુતીકરણની કામગીરીમાં ગરબડો થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સેક્ટરમાં ખંડેર ભાસતા આવાસોને અગ્રતાક્રમે રીનોવેશન હેઠળ લેવાના બદલે સ્થાનિક ઈન્કવાયરી કચેરી તેમજ તંત્રના અધિકારીઓ દ્વારા મનસ્વી રીતે નિર્ણયો લેવાતા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. રીનોવેશનની કામગીરી દરમિયાન વૈકલ્પિક વ્યવસ્થા અન્વયે આવાસો ફાળવવામાં પણ ભ્રષ્ટાચાર થતો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

શહેરમાં આવાસ મજબુતીકરણ અન્વયે સેક્ટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસોનું તબક્કાવાર રીનોવેશન

● અનુસંધાન પાન-૭ પર

# વિધાનસભાની નવ અને લોકસભાની એક બેઠક માટે પેટાચૂંટણી યોજાશે

## મુખ્યમંત્રી, બે મંત્રીઓ અને છ ધારાસભ્યો લોકસભામાં વિજયી થતાં નવ વિધાનસભા બેઠકો પર તથા નરેન્દ્ર મોદી વડોદરા બેઠક પરથી રાજીનામુ આપતા લોકસભાની એક બેઠક માટે પેટાચૂંટણી યોજાશે

અમદાવાદ, તા.૧૭

લોકસભાની ચૂંટણી સંપન્ન થતાં ગુજરાતમાં લોકસભાની એક અને વિધાનસભાની નવ બેઠકો માટે પેટાચૂંટણી યોજવામાં આવશે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વડોદરા અને વારાણસી બેઠક પરથી લોકસભાની ચૂંટણી જીત્યા બાદ તેઓ વડોદરાની બેઠક ખાલી કરશે અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિત નવ ધારાસભ્યો પણ લોકસભાની ચૂંટણીમાં જીત્યા હોવાથી તેમને ધારાસભ્ય પદેથી રાજીનામુ આપવું પડશે. આ સંજોગોમાં વિધાનસભાની નવ બેઠકોમાં પણ આગામી છ માસમાં પેટા ચૂંટણી યોજવામાં આવશે તેમ સુત્રો જણાવી રહ્યા છે. વિધાનસભાની જે નવ બેઠકો માટે પેટાચૂંટણી યોજાય તેવા સંજોગો ઉભા થયા છે તેમાં આ મુજબની બેઠકોનો સમાવેશ થાય છે. જેમાં મણીનગર-મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, ડીસા-લીલાધર વાધેલા, લીમખેડા, જશવંત ભાભોર, માતર-દેવુસિંહ ચૌહાણ, માંગરોળ-રાજેશ ચુડાસમા, જામખંભાળીયા - પૂનમ માડમ, તલાજા-ભારતીબેન શીયાળ, ટંકારા-મોહન કુંડારીયા, આણંદ-દિલીપ

● અનુસંધાન પાન-૭ પર





શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૯૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

હાર્દિક અભિનંદન



માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી

ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર પરિવાર તરફથી ભારતના ઈતિહાસમાં વિક્રમજનક જીત મેળવવા બદલ આપશ્રીને ખુબ ખુબ હાર્દિક અભિનંદન.

આપની સમગ્ર ટીમ તથા દેશની જાહેર જનતાને પણ ખુબ ખુબ અભિનંદન.

ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર

એક માત્ર જ્યોતિષની આગાહી સંપૂર્ણ સાચી પડી

ગજકેસરી યોગે મોદીજીને બનાવ્યા દેશના વડાપ્રધાન

શ્રી નરેન્દ્ર મોદીજીને ખૂબ..ખૂબ... અભિનંદન



રુચક યોગ શ્રીનરેન્દ્ર મોદીજીને સફળતાના શિખરે પહોંચાડશે

વાસ્તુશાસ્ત્ર નિષ્ણાંત, હસ્તરેખા-કુંડળી માસ્ટર, પ્રશ્નકુંડળી સ્પેશ્યાલીસ્ટ આપના જીવનના તમામ મુંઝવતા પ્રશ્નોનું સચોટ નિરાકરણ એટલે...

ડો. હર્ષદ ચોકસી, M : 9925903279

જ્યોતિષ આચાર્ય (M.A., Ph.D. (Palmistry))

ગ્રહોના રીયલ નંગ મળશે

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

BIRLA TYRES Unbeatable! CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

આજથી ભવ્ય શુભારંભ



@ Pethapur

aamrakunj BUNGALOWS

4 BHK LUXURIOUS Bungalows

DEVELOPERS ADI INFRASTRUCTURE Pethapur Project, Gandhinagar

Opp. Rajshri Party Plot, B/h. Swapana Villa 1, Pethapur to Radheja Road, Pethapur Cross Road, Gandhinagar.

CALL : 99245 81225, 99983 77784, 91575 25005

Since 1986

अभय

Government Approved Contractor

- Corporate Gathering
- Celebrations • Exhibitions
- Marriage • Reception
- Parties • Seminars

Y.A. Mansuri M. : 9824049503

Sanjay S. Shah P. Manubhai Medical

ABHAY DECORATORS FEEL FREE, BE FEARLESS

CORRESPONDENCE OFFICE Plot No. E-192, 193, 194 B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar. Ph. : 079-232 87388, Fax : 079-232 87292

REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503843

email : info@abhaydecorators.com www.abhaydecorators.com

SANGHI CEMENT · Kisan · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · Dr. FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com